VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# પ્રિયજન: સાચા બે પ્રેમીઓની અકબંધ જીવનકથા

## વજીર પ્રવિણભાઈ ભીખાભાઈ

પીએચ.ડી. રીસર્ચ સ્કોલર,
ગુજરાતી વિભાગ,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
સરનામું- રામનગર સોસાયટી, રેફરલ હોસ્પિટલની પાછળ,
મુ.પો- તા- લાખણી જિ-બનાસકાંઠા પીન-385581
મો-9427512191 ઈમેઈલ- pravinvajir@gmail.com

'પ્રિયજન' નવલકથાની શરૂઆત કથા નાયિકા પ્રૌઢા ચારુથી થાય છે. નિકેતને ઘણા વર્ષો પછી મળતાં તે પોતાના અતીતને વર્તમાનની સાથે ટુકડે ટુકડે રજૂ કરે છે. નિકેતના આગમન પૂર્વે ચારુ બારીમાંથી દરિયાનું દ્રશ્ય જોતી હોય છે તેમાં તે તેના ભૂતકાળ અને વર્તમાન આ બે સમયખંડોમાં વિભાજીત જીવનને જુએ છે. આ દરિયો નિકેતને ખૂબ ગમતો પણ **"બારીમાંથી દેખાતું દરિયાનું દ્રશ્ય અહીં બે ભાગમાં વહેંચાઈ જાય છે. દિવાકરે આંગણામાં વાવેલું સરુનું વૃક્ષ વચ્ચે આવે છે અને દરિયો બે ભાગમાં વહેંચાઈ જાય છે."**

અહીં દરિયો ભાવપ્રતીક ચારુના મનમાં બે ભાગ પ્રગટ કરે છે. જેમાં સરુનું વૃક્ષ દિવાકરના પ્રેમનું પ્રતીક છે, જ્યારે દરિયો ભૂતકાળના પ્રેમી નિકેતના પ્રેમનું પ્રતીક છે. દિવાકરના મૃત્યુ પછી ચારુ એકલતામય જીવન પસાર કરે છે. તે દિવાકર અને નિકેતની સ્મૃતિઓની વેદના જીરવવા જાય છે. બાળકોના આગ્રહ છતાં તેમની સાથે તેમની એકલતાની વેદના ઓછી થાય એમ ન હતી. તેથી તે પિતાના ઘરે રહેવા આવે છે. અહીં નિકેતને ગમતો દરિયો અને દિવાકરે આંગણામાં વાવેલું સરુંનું વૃક્ષ બંને એકસાથે પામી શકાય છે. અને ત્યાં જ ઘણા સમય બાદ આવી મળેલા પ્રિયજન એવા નિકેત સાથેની મુલાકાત તેના માટે આનંદ કરતા આશ્ચર્ય વધુ થાય છે અને મનમાં સંઘરાયેલો ભૂતકાળ સસલાની જેમ કુદકો મારીને બહાર આવે છે. જંગલ અને દરિયાના પ્રતીક દ્વારા ચારુની આંતરસંઘર્ષની પીડા અહીં વ્યક્ત થઈ છે. ચારું દિવાકરની હાજરીમાં અને ગેરહાજરીમાં સમયના બે ખંડોમાં જીવતી હોય છે. આ હકીકત દિવાકરથી છાની રહી શકી ન હતી. જે એક ઘટના દ્વારા છતી થાય છે. ઘરના બધા ટી.વી. જોવા બેઠા હતા અને દિવાકરની રમૂજ પર હસતા હતા ત્યારે- **"એ જ વખતે ઘડિયાળના દસના ટકોરા પડવા શરૂ થયા અને... ભર્યા સુખની વચ્ચેથી ચાલ્યો ગયો હોય એવું લાગ્યું, નિકેત...."**

સરુનું વૃક્ષ એ ચારુના વિભાજિત સમયનું પ્રતીક છે. મૃત્યુ પછી દિવાકરની હાજરીમાં નિકેતની અંદર તેને દિવાકર જ દેખાય છે. આમ, ચારુ સમયને અખંડ રીતે કદી સંવેદી શકતી નથી જે અહીંયા જોઈ શકાય છે.

**"જિંદગી આખી દિવાકર સાથે જીવી તો
પણ અંદર નિકેત પણ જીવ્યા. અત્યારે
નિકેત સામે બેઠો છે તો પણ અંદર
દિવાકર સતત જીવાય છે."**

આ બાજુ નિકેત પણ ઉમા સાથે સુખી દામ્પત્યજીવન માણતો હોવા છતાં તેના મનના અદ્રશ્ય ખૂણામાં સતત એક વ્યક્તિની હાજરી અનુભવે છે. ચારુ સાથે એકરાર કરતા કહે છે- **"મેં મારા અસ્તિત્વને જુદા-જુદા ખાનાઓમાં વહેંચી નાખ્યું છે. અનેક નિકેત બનીને જીવ્યો છું."**

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ચારુ દરિયાકાંઠાના એક ગામમાં દાદાના નાના ઘરમાં રહે છે. પતિ દિવાકર સરકારના પદ પર હતા. તેમનું અવસાન થાય છે. ચારુ જૂના ઘરમાં રહે છે. પ્રસન્ન દામ્પત્યજીવન છે. ચારુના પતિ દિવાકરના અવસાન પછી ચારુને હવે દરિયાકાંઠાનું જીવન ખૂબ ગમે છે. નિકેત એ આ જ ગામમાં એક સમયે રહેતો હતો. એ અને ચારુ ચિરપરિચિત પ્રેમમાં કોઈ કારણોસર પરણ્યાં નથી. નિકેત બીજા શહેરમાં તે ત્યાં પરણ્યો છે. તેની પત્નીનું નામ ઉમા છે, બંનેનું પ્રસન્ન દામ્પત્ય છે. જેમના દામ્પત્યો પ્રથમ પ્રેમમાં હોય તે દર વખતે હોય.. પ્રેમ એ પ્રેમ છે.

નિકેત પોતાની પત્ની પાસેથી રજા લઈને પોતે નિવૃત્ત છે એટલે ગમતા ગામમાં જઈ આવું એમ કહીને આ ગામમાં આવ્યો છે. પહેલીવાર ચારૂ-નિકેત છૂટા પડ્યા પછી દરિયાકાંઠે ચારુને મળે છે. બંને એકમેકના જુના પરિચિત પ્રેમીઓ છે. લાઇબ્રેરી, ગામનો ટાવર રોડ પર જ્યાં નિકેતની પીઠ જોતાં ચારુને એમ લાગે છે કે કદાચ આ નિકેત તો નહિ ! હવે વળી પાછું આપણું મન હવે શું થશે? એમ વિચારના ચકડોળે ચડશે. ચારું નિકેતને મળે છે. ટ્રાફિક વચ્ચે પણ મળે છે. એક ભાઈ તેમને કહે પણ છે કે આઘા ખસો? એટલે બેઉ જણા ખસી અને રસ્તાની ધાર ઉપર ઉભા રહી વાત કરે છે. અહીં પ્રેમમાં હોવા છતાં પણ બંને સભાન અવસ્થામાં ઉભા હોય તેવું અનુભવી શકાય છે. અહીં બંને આંધળા પ્રેમમાં હોય તેવું લાગતું નથી.

ચારુને ખબર પડે છે કે નિકેત અહીં બહાર ઉભો છે તે કહે છે એવું ના કર, તું મારી સાથે આપણું ઘર છે ત્યાં જ આવ. હું કાલે તારી રાહ જોઈશ. નિકેત, ચારુ બોલાવે અને નિકેત ન આવે? એ વાત અહીં આપણને આમ વિચારતા કરી દે છે કે નિકેત જશે કે નહીં!! જશે કે નહીં!! પણ નિકેત જાય છે. હવે એ ઘર છે ત્યાં યુવાનીમાં ચારુ અને નિકેત એક ઓરડાની બે બારીમાં અલગ અલગ બેઠા છે. ચારુ પુસ્તક વાંચે છે અને નિકેત એ બારીમાંથી દરિયો જોતો હોય છે તે નિકેતનો ઓરડો છે. એ ઘર ચારુનું છે પણ એને કુટુંબ સાથે ઘરના જેવો સંબંધ છે એટલે એ વાતાવરણમાં ચિરપરિચિત પ્રણયના એ સમયમાં નિકેત હવે પ્રવેશે છે. બંને જણા પેલો વીતેલો સમય પણ જીવે છે. ચારુ અને નિકેત જ્યાં જુના ઘરમાં એકાંતમાં મળ્યા છે. ત્યાં જુના પ્રેમીઓ છે, છૂટા પડ્યા પછી પ્રથમવાર મળ્યા છે. ઘણી બધી શક્યતાઓ આપણા મનમાં જાગે છે, એવી ક્ષણે એમણે શું કર્યું હશે??

નિકેત ત્યાં રહેવા આવ્યો હોય છે ત્યારે તેના હાથમાં એક સૂટકેસ હોય છે. (હાથમાં પકડી છે એ સૂટકેસ મને આપી દો) ભાર ઘટશે એટલે બધે ફાવવા લાગશે ચારુ કહે છે. નિકેત ઉચ્ચારાયેલા 'ભાર' શબ્દો સામે તાકી રહ્યો છે. ચારુની વાત સાચી હતી, એક વજન હતું તેને લીધે જ સ્વાભાવિક નહોતો થઈ શકતો. પગલે-પગલે પ્રશ્નો કરવા પડે એવી રીતે વર્તી રહ્યો હતો. ચારુની સાથે જાણે એનું વ્યક્તિત્વ સરી પડ્યું હતું. સૂટકેસમાં ખરેખર વજન હતું. જિંદગીનો ભાર એ નહોતો ઉપાડી શકતો.

અહીં દરિયો એ પ્રેમનું અદભુત પ્રતીક છે. તુષાર શુક્લનો દરિયા વિશેનો એક શેર જોઈએ...

**"દરિયાના મોજા કઈં રેતીને પૂછે,**
**તને ભીંજાવું ગમશે કે કેમ?**
**એમ પૂછીને થાય નહીં પ્રેમ?"**

દરિયાના મોજા કાંઠે આવીને રેતીને ભીંજવીને દૂર પાછા ચાલ્યા જાય છે. પછી રેત પાછી કોરી થઈ જાય છે. પાછા આવીને ભીંજવતા મોજાને વિશ્વાસ છે કે રેત કોરી થઈને મારી રાહ જોતી હશે અને રેતને શ્રદ્ધા છે કે મોજું પાછું આવશે અને મને ભીંજવશે. અહીં પણ બને છે એવું જ. નિકેત ચારુના ઘરેથી વિદાય લે છે. પછી એક ટ્રેન આવે છે. નિકેત આ ટ્રેનમાં વિદાય થવાના છે અને ચારુના સંતાનો એ જ ટ્રેનમાં આવી રહ્યા છે. એક હૃદયની નિકટ એવા બાળકો આવી રહ્યા છે એક પ્રિયજન છે જે જઈ રહ્યા છે. પ્લેટફોર્મ પર એ લોકો ઉભા છે.

છેલ્લે એક શેર સાથે અહીં પ્રિયજન (પ્રણયીજનોની) કથાને સમાપ્ત કરું છું.

**"કોની હથેળીમાં કોનું છે સુખ,**
**કોને દરિયો મળે ને કોને રેતી,**

http://vidyajournal.org

**વરતારા મોસમના ભૂલી જઈને,**
**એક ઝંખનાને રાખવાની વહેતી,**
**તારી હથેળીને કાંઠો માનીને કોઈ લાંગરે ને ઉઠે તોફાન,**
**એના ઓસરતી વેળુંના પગલા મળે."**
**મારી પ્રિયજન, મને ગમતી!!!**

## સંદર્ભ:-

1. પ્રિયજન (નવલકથા)- વીનેશ અંતાણી- આર.આર. શેઠની કંપની, મુંબઈ-અમદાવાદ.
2. આવૃત્તિ-૧૮ વર્ષ- ફેબ્રુઆરી-૨૦૨૦ કિંમત-૧૬૦ રૂ/-

http://vidyajournal.org